જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૨/૦૩/૨૦૧૭ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૪૩૩/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૨૧ કેસ કરી, ૧૧૩ વ્યક્તિઓને ઝડપી, ૩૪૧ લીટર દેશી દારૂ અને ૦૬ બોટલ ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૦૩ કેસ કરી ૧૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૭,૪૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૪૩૪/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૬૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૧ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## છેતરપીંડી અને વિશ્વાસઘાત :- સમાચાર યાદી નં.૪૩૫/૧૭

**ગુજરાત યુનીવર્સીટી** : ડૉ.ચિરાગભાઇ રમણભાઇ પ્રજાપતિ (ઉ.વ.૩૯)(રહે,મુર્ધન્યુ એપાર્ટ્મેન્ટ ટોરેંટ ઓફિસની સામે નારણપુરા) એ તા.૧/૩/૧૭ નારોજ ગુજરાત યુનીવર્સીટી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૯/૦૧/૨૦૧૬ થી આજદીન સુધીનાં સમયગાળા દરમ્યાન આરોપી (૧) ધનશ્યામભાઇ પુરણીયા (૨) ભાવીક ધનશ્યામભાઇ પુરણીયા (બંને રહે, મધુરમ એપાર્ટ્મેન્ટ સંતકબીર સ્કુલની બાજુમાં નારણપુરા) ભેગામળી ડૉ.ચિરાગભાઇ ને વિશ્વાસમાં લઇ, મધુરમ ટાવરના ફ્લેટ નંબર બી/૮૦૬ ના સોદા પેટે કુલ રૂપિયા ૬,૦૦,૦૦૦/- લઇ, તે રકમ ફ્લેટનાં માલીકને નહીં આપી પોતે રાખી લઇ, ડૉ.ચિરાગભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.આર.ભાચકન ચલાવે છે.

**એલીસબ્રીજ** : મિતેષભાઇ વિરેન્દ્રભાઇ દવે (ફ્ન્ટ લાઇન સપ્લયર્સ લિ.અધિકુત કરેલ વ્યક્તિ) (ઓફીસ:ચોથો માળ શાલિન બિલ્ડિંગ નેહરૂબ્રિજ પાસે આશ્રમ રોડ) એ તા.૧/૩/૧૭ નારોજ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે મે/૨૦૧૧ થી આજદીન સુધીનાં સમયગાળા દરમ્યાન આરોપી (૧) અરૂન કે ગુપ્તા (ગ્લોબલ ઇન્ટરનેશનલનાં માલિક)(રહે.પુસા રોડ બી.કે.હોસ્પિટલ સામે, કરોલ બાગ ન્યુ દિલ્લી) અને(૨) તેજશભાઇ ત્રિવેદી (રહે,ગેલેક્ષી કોમ્પ્લેક્ષ, વિશ્વાસ કોલોની, આર.સી.દત રોડ, અલ્કાપુરી વડોદરા) ભેગામળી મિતેષભાઇની કંપનીને મોરેસીએસ ખાતે આવેલ મેસસર જી.એમ.ટી.આઇ કંપની ખાતે સીસ એગ્રીમેન્ટ દ્વારા આઇરન ખરીદી કરવા સારૂ એલ.સી.(લેટર ઓફ ક્રેડિટ) દ્વારા નાણા ચુકવવાનું નક્કી કર્યા બાદ, આરોપી અરૂણ ગુપ્તા નાઓને કમીશન પેટે રૂપીયા ૨૦,૦૦,૦૦૦/- આપ્યા બાદ, આરોપીઓએ મિતેષભાઇની કંપનીને માન્ય કર્યા મુજબનું એલ.સી. નહિ મોકલી, મિતેષભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.બી ધાધલિયા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**કાલુપુર** : દિપકભાઇ ચંન્દ્રલાલ બંગા (ઉ.વ.૩૪)(રહે,રાધા ક્રિશ્ના બંગલોઝ આવાસ પાર્કની પાસે કોતરપુર નાના ચિલોડા) એ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૧/૧૧/૧૫ થી તા.૩૦/૦૧/૨૦૧૬ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) સંદિપ ભગવાનદાસ ભગતીયાણી તથા (૨) ભગવાનદાસ વેરામલ ભગતીયાણી (બંને રહે,એચ બ્લોક નીલકંઠ આસુતોષ ફ્લેટ તાજહોટલની પાછળ, સરદારનગર) ભેગામળી દિપકભાઇની દિયા ટેક્ષ ફેબ નામની પેઢીમાંથી કુલ રૂપિયા ૧,૨૭,૫૩,૬૨૯/- મત્તાનો કાપડનો માલ ઉધારીમાં લઇ જઇ, માલના નાણાં નહીં ચુકવી, દિપકભાઇ સાથે તેમજ અન્ય વેપારીઓ સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.ડી.ઝીલરીયા ચલાવે છે.

**<u>ઘરફોડ :-</u>** **<u>સમાચાર યાદી નં.૪૩૬/૧૭</u>**

**ગુજરાત યુનીવર્સીટી** : સમીત પ્રકાશભાઇ દલાલ (રહે,કાજલ એપાર્ટ્મેન્ટ દાદા સાહેબના પગલા પાસે નવરંગપુરા) એ તા.૧/૩/૧૭ નારોજ ગુજરાત યુનીવર્સીટી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૬/૨/૧૭ ના કલાક ૧૨/૦૦ થી તા.૨૭/૨/૧૭ સવારનાં ૮/૦૦ વાગ્યા દરમ્યાન પોતાનાં ઘરનાં દરવાજાનો નકુચો તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, ઘરમાંથી અંગ્રેજ વખતના ચાંદીના સિક્કાઓ તથા મિશ્ર ધાતુના સિક્કાઓ આશરે કુલ-૬૦ તેમજ બે ચાંદીના ગ્લાસ મળી કુલ કિંમત રૂપીયા ૫૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.કે.ડાંગર ચલાવે છે.

**<u>ચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૪૩૭/૧૭</u>**

**વસ્ત્રાપુર** : શીતલબેન સર્જીતભાઈ દેસાઈ (રહે,યોગી ડુપ્લેક્ષ, તીરૂપતી કોમ્પ્લેક્ષની સામે, જીવરાજ બ્રીજની બાજુમાં ટાઈમ્સ ઓફ ઈન્ડીયા રોડ વેજલપુર) એ તા.૧/૩/૧૭ નારોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૭/૨/૧૭ બપોરના ૧/૦૦ થી ૧/૧૫ વાગ્યા દરમ્યાન આરોપણ બાઇ અંતરબેન ભગવાનભાઈ અરીયોલ (રહે,મ.નં-સી/૮૦૨ મોહીની ટાવર અતીથી હોટલની બાજુમાં, બોડકદેવ) નાં ઘરના સોફા ઉપર શીતલબેન પોતાનુ પર્સ મુકેલ જે પર્સમાં રોકડ રૂપિયા ૧૪,૦૦૦/-, એક સોનાની ચેઇન કિંમત રૂપિયા ૨૫,૦૦૦/- તથા ૩૦ દીરાન અને ૧૦૦ ડોલર તથા અન્ય જરૂરી દસ્તાવેજો મુકેલ પર્સ આરોપીના ઘરે ભુલી, શીતલબેન પોતાના ઘરે ગયેલ અને પર્સ યાદ આવતાં, પર્સ લેવા જતા પરત મળેલ નહીં જેની આરોપણ બાઇ ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.કે.રાઠોડ ચલાવે છે.

**સેટેલાઇટ** : સ્નેહલબેન પ્રદીપભાઇ જોષી (ઉ.વ.૫૪)(રહે,વિશ્વકુંજ એપાર્ટમેન્ટ વિશ્વકુંજ કોલોની મીરા સિનેમા રોડ મણીનગર) એ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧/૩/૧૭ ના કલાક ૩/૩૦ થી ૩/૪૫ વાગ્યા દરમ્યાન માણેકબાગ બી.આર.ટી.એસ.બસ સ્ટેન્ડ પાસે કોઇ અજાણી વ્યક્તિએ સ્નેહલબેનની નજર ચુકવી તેમની બેગમાંથી ભારતીય પાસપોર્ટ, રોકડ રૂપિયા ૧,૨૫,૦૦૦/- તથા ૧૨૫ યુ.એસ.ડોલર મળી કુલ રૂપિયા ૧,૩૩,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.ડી.ભટ્ટ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ખોખરા** : વંદનાબેન જનતકુમાર દવે (ઉ.વ.૫૪)(રહે,એર કોણાર્ક ટાવર નાલંદા કોમ્પ્લેક્ષ પાછળ પ્રેમચંદ નગર રોડ વસ્ત્રાપુર) એ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧/૩/૧૭ બપોરના ૩/૨૦ વાગ્યાનાં સુમારે સી.ટી.એમ. થી લાલ દરવાજા જવા સારૂ ઓટો રીક્ષામાં બેસેલ, જેમાં અગાઉથી ત્રણ પેસેંજર બેસેલ હતા. જેમાં બેસી હાટકેશ્વર સર્કલ થી ખોખરા સર્કલ રાયપુર ભજીયા હાઉસ આવતા પાછળ બેસેલ ત્રણ ઈસમો પૈકી કોઈ એક ઈસમે વંદનાબેનની નજર ચુકવી, ગળામાં પહેરેલ સોનાની ડાયમંડનાં પેન્ડલ સાથેની ચેઇન કિંમત રૂપિયા ૨૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગયા છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એમ.ચૌહાણ ચલાવે છે.

**વાહન ચોરી :-** **સમાચાર યાદી નં.૪૩૮/૧૭**

**સોલા હાઇકોર્ટ** : ગોપાલભાઇ અશોકભાઇ સોની (રહે,સરવાનંદ સોસાયટી, બળીયાદેવ મંદીરની પાસે, સોલા) એ તા.૧/૩/૧૭ નારોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૬/૨/૧૭ રાતના ૮/૦૦ વાગ્યાનાં સુમારે રંગ અવધુત મંદીર પાસે આવેલ ભાગવત મંદીરના પાર્કીંગમાં પોતાની હુંડાઇ એસેંટ કાર કિંમત રૂપિયા ૧,૪૦,૦૦૦/- મતાની પાર્ક કરી હતી. જેની ચોરી ૨૫ મીનીટમાં થઇ હતી. આ ગુનાની તપાસ હે.કો.શ્રી કીરીટભાઇ વીઠ્ઠલદાસ ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૪૩૯/૧૭**

**શાહીબાગ** : વિક્રમભાઇ રામચન્દ્રભાઇ પટણી (રહે,કડીયાની ચાલી, સંતોષી માતાના મંદીરની પાછ્ળ અસારવા શાહીબાગ) એ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧/૩/૧૭ સાંજના ૭/૦૦ વાગ્યાનાં સુમારે અસારવા તળાવ દરવાજાની સામે આવેલ રોડ નજીક પોતાની સાળી સવિતાબેન નો દીકરો વિશાલ વિજ્યભાઇ પટણી (ઉ.વ.૫) રોડ ક્રોસ કરવા સારૂ રોડ સાઇડ ઉભો હતો તે વખતે એક લોડીગ રીક્ષા નંબર જીજે.૦૧.સી.ઝેડ.૬૮૨૯ નો ચાલક પુરઝડપે અને બેદરકારી ભરી રીતે લોડીંગ રીક્ષા ચલાવી લાવી ડીવાઇડર પર ચઢાવી પલ્ટી ખવડાવતાં, વિશાલ ટેમ્પા નીચે આવી જતાં, વિશાલને માથાના ડાબા પડખે ગંભીર ઇજા થતાં તેનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એ.પટેલ ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)